**સરદાર પટેલ સહભાગી જળ સંચય**
**યોજનાના અમલ બાબત (ત્રીજો તબક્કો)**

**ગુજરાત સરકાર,**
**નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ,**
**ઠરાવ ક્રમાંક : સીડીએમ/૧૦૯૭/૪૮૬(૪)/આઈ,**
**સચિવાલય, ગાંધીનગર.**
**તારીખ: ૨૬ સપ્ટેમ્બર ૨૦૦૨**

**સંદર્ભ :-** (૧) નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગનો તા- ૨૧-૦૫-૧૯૯૭ નો પરિપત્ર ક્રમાંક:-સીડીએમ-૧૦૯૭-૪૮૬-ક.૨

(૨) નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગનો તા - ૦૭-૦૭-૧૯૯૭ નો પરિપત્ર ક્રમાંક:-સીડીએમ-૧૦૯૯-સી.એમ.૫૦-ક.૨

(૩) નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગનો તા- ૦૬-૦૮-૧૯૯૭ નો પરિપત્ર ક્રમાંક:-પરચ-૧૦૯૭-૭-ક.૨

(૪) નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવકા વિભાગનો તા - ૧૭-૦૧-૨૦૦૦ નો પરિપત્ર ક્રમાંક:-સીડીએમ-૧૦૯૭-૪૮૬-ક.૨

(૫) નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગનો તા - ૧૯-૦૨-૨૦૦૨ નો પરિપત્રક્રમાંક:- સીડીએમ-૧૦૯૭-૪૮૭- આઈ.

(૬) નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગનો તા - ૨૦-૬-૨૦૦૨ નો પરિપત્ર ક્રમાંક:- પરચ-૨૦૦૧-૩૫-ધાસ-૧૦૬-આઈ

**પુર્વભૂમિકા:**

સૌરાષ્ટ્ર, કચ્છ અને ગુજરાતના વિસ્તારમાં સરકાર અને પ્રજાના સહયોગથી જળ સંચય માટે ચેકડેમના કામો સંદર્ભ-૪ માં દર્શાવેલા સરકારશ્રીના તારીખ ૧૭-૦૧-૨૦૦૦ ના ઠરાવથી સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજના હેઠળ ૬૦ % સરકારી ફાળા તથા ૪૦ % લોકફાળાથી અમલમાં મૂકાયેલ છે. આ યોજનાને પ્રજા તરફથી અભૂતપુર્વ પ્રતિસાદ મળેલ છે. આ યોજનામાં અત્યાર સુધીમાં ૨૦,૦૦૦ કરતાં વધુ ચેકડેમના કામો થયેલા છે.

સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજનાના વહીવટી, તાંત્રિક, આર્થિક, સામાજીક તથા પર્યાવરણીય જેવા તમામ પાસાઓનો અભ્યાસ, સ્વતંત્ર મૂલ્યાંકન અને સૂચનો માટે ગુજરાત સરકાર ધ્વારા ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદને અભ્યાસ સોંપવામાં આવેલ. ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદે આપેલ તેમના અભ્યાસ અહેવાલના તારણમાં આ યોજનાના પરિણામોની વિશદ ચર્ચા કરતાં જણાવેલ છે કે આ યોજના ગુજરાત રાજયના જળ સંકટનાં કાયમી નિવારણ માટે અત્યંત લાભદાયી અને લોકભાગીદારીને સાંકળતી હોવાથી ગુજરાત સરકારે આ યોજનાને ટોચઅગ્રતા આપી તેને વધુમાં વધુ સફળતા સાંપડે તે માટેના તમામ પ્રયત્નો કરવાં જોઈએ. વધુમાં ગુજરાત સરકારને ભારપૂવર્ક આગ્રહ કરેલ છે કે રાજયમાં હજુ ઘણી મોટી સંખ્યામાં ચેકડેમ બાંધી શકાય તેમ હોવાથી સહભાગી યોજના હેઠળ ઉપરોકત કામગીરી સમગ્ર ગુજરાતમાં વ્યાપક પ્રમાણમાં હાથ ધરવી જોઈએ કે જેથી કરીને રાજયમાં ઉંડા ગયેલ ભૂગર્ભ જળ સ્રોતને પુન:જીવીત કરી શકાય.

આમ, રાજયના ખેડુતોના લોકજુથોની માંગણીઓ અને તેમની જરૂરીયાતને ધ્યાને રાખી રાજય સરકારે સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના ત્રીજા તબકકામાં હાથ ધરવાનું આયોજન કરેલ છે. અગાઉના તબકકામાં આ યોજના હેઠળ હાથ ધરેલ કામગીરીમાંથી સરકારશ્રીને મળેલ અનુભવ, પ્રાયોજકોની બાંધકામ માટેની આવડત અને તેમને સાંપડેલ અનુભવ વગેરે બાબતોને લક્ષમાં લઈ આ યોજનાના ત્રીજા તબકકામાં ચેકડેમની સ્થળપસંદગી, આલેખન, મંજુરીની વહીવટી પ્રકીયા, બાંધકામ, અને તેની ગુણવત્તાની ચકાસણી વગેરે બાબતમાં કેટલાંક ફેરફારો કરવાં ઉચિત જણાયા છે. આમ કરવાથી ત્રીજા તબક્કામાં હાથ ધરાનાર કામોમાં બાંધકામની સરળતા રહેશે અને તે કામ ઓછા ખર્ચમાં કરી શકાય તેમ હોવાથી, થયેલ નાણાંકીય જોગવાઈમાં વધુ સંખ્યામાં ચેકડેમ બાંધી શકાશે. આમ આ યોજનાના બહુવિદ્ ઉદેશો હોવાથી, સરકાર અને પ્રજાના સહયોગથી કેટલાક ફેરફાર સાથે આ

યોજના ત્રીજા તબક્કામાં નીચે જણાવેલ શરતોને આધિન રહી અમલમાં મુકવાનું ઠરાવવામાં આવે છે.

<u>ઠરાવ:-</u>

**(અ) સ્થળ પસંદગીમાં પ્રાધાન્ય:**

(૧) જે ગામમાં અત્યાર સુધીમાં કોઈપણ યોજના હેઠળ એકપણ ચેકડેમ થયેલ ન હોય તેવા ગામમાં ચેકડેમના બાંધકામને પ્રાધાન્ય આપવાનું રહેશે. તે જ પ્રમાણે જે વિસ્તારમાં હાલમાં કોઈ પણ પ્રકારની વહેણ સિંચાઈની સુવિધા ઉપલબ્ધ ન હોય તેવા વિસ્તારના ચેકડેમોને પણ પ્રાધાન્ય આપવાનું રહેશે.

(૨) એક ગામમાં વધુમાં વધુ ૨૦ ચેકડેમોની મંજુરી આપી શકાશે, જેમાં હયાત ચેકડેમોની સંખ્યા ધ્યાને લઈ નવા ચેકડેમોની મંજુરી આપવાની રહેશે. અર્થાત્ જે ગામમાં પાંચ ચેકડેમ હયાત હોય ત્યાં વધુમાં વધુ બીજા પંદર ચેકડેમ મંજૂર કરી શકાશે. કોઈ ગામમાં ૨૦ કરતાં વધારે ચેકડેમની માંગણી હોય તો સરકારશ્રીની ખાસ કિસ્સા તરીકે મંજુરી મેળવ્યા પછી સ્થાનિક કક્ષાએથી મંજુરી આપી શકાશે. રૂ. ૧ લાખ સુધીની અંદાજીત કિંમતના ચેકડેમ માટે સંખ્યાની મર્યાદા રહેશે નહિ.

(૩) એક જ પ્રાયોજક એક કરતાં વધુ ચેકડેમ બાંધવા ઈચ્છે તો એક પ્રાયોજક દીઠ બે ચેકડેમ માટે અધિક્ષક ઈજનેરશ્રીની મંજુરી, ત્રણ ચેકડેમ માટે મુખ્ય ઈજનેરશ્રી અને અધિક સચિવશ્રીની મંજુરી, અને ત્રણથી વધુ ચેકડેમ માટે સરકારની મંજુરી મેળવવાની રહેશે.

**(બ) વહીવટી:**

(૧) ત્રીજા તબકકા માટે નવેસરથી અરજીઓ લોકજુથો તરફથી મેળવવાની રહેશે. દરેક અરજી દીઠ રૂપિયા ૫૦૦.૦૦ (પાંચસો પુરા) ડીપોઝીટ તરીકે લેવાના રહેશે. દરેક કચેરીઓમાં આવતી અરજીઓને અગ્રતાક્રમ આપવાનો રહેશે. સ્થળ પસંદગીમાં પ્રાધાન્ય આપવા માટેના ઉપરોકત ત્રણ મુદ્દાઓને ધ્યાનમાં રાખવા.

(૨) બીજા તબકકાના ચેકડેમ બાંધકામ માટેની મંજુર થયેલ અરજીઓ અને વર્કઓર્ડર આપેલ હોય પરંતુ કામો શરુ કરવામાં આવેલ ન હોય તેવા કિસ્સાઓમાં જો પ્રાયોજકો આ ઠરાવ મુજબના ત્રીજા તબકકાના કાર્યક્રમ હેઠળ ચેકડેમ અંગેના સુધારેલા ધારાધોરણ મુજબ દરખાસ્ત કરવા માટે સંમત થાય તો આ ઠરાવની તારીખથી ૪૫ દિવસમાં જે તે કચેરીને પ્રાયોજકશ્રીએ આ બાબતની જાણ કરવાની રહેશે. જો ૪૫ દિવસમાં બીજા તબક્કાની અરજીઓના પ્રાયોજકશ્રીઓ તરફથી જો ઉપર મુજબ સંમતિ ન મળે તો ૪૫ દિવસ બાદ તે અરજીઓ આપોઆપ રદ થયેલી ગણાશે.

(૩) આ યોજના અંતગર્ત સક્ષમ કક્ષાએથી મંજુરી મળ્યા પછી જ ચેકડેમના બાંધકામની કામગીરી હાથ ધરવાની રહેશે. ચેકડેમ માટે મંજુર થયેલ અંદાજીત રકમ પર કોઈ પણ વધારો અથવા નવું કામ/ જથ્થો અંદાજીત રકમના ૫% ની મર્યાદામાં મુ.ઈ.શ્રી કક્ષાએ મંજુર કરાવી વધારાની રકમ ચૂકવી શકાશે. પરંતુ જો ખરેખર કામગીરી દરમ્યાન જથ્થો ઓછો થાય તો તે સ્થળ સ્થિતિ ચકાસી કામગીરી સ્વીકારવાની રહેશે.

(૪) સિંચાઈની અન્ય સુવિધા ઉપલબ્ધ ન થવાની હોય તેવા અને આર્થિક રીતે અતિ પછાત ખેડા જિલ્લાના બાલાશિનોર, મહુધા, વિરપુર અને કપડવંજ તાલુકાઓમાં, સાબરકાંઠા જીલ્લાના નર્મદા યોજના અને અન્ય હયાત યોજનાઓના પિયત વિસ્તારની બહારના ગામોમાં ગામદીઠ વધુમાં વધુ પાંચ ચેકડેમો માટે, તેમજ રાજ્યના બધા આદિવાસી તાલુકાઓમાં (સરકારશ્રીનો તારીખ ૧૬-૦૬-૦૧ તથા તારીખ ૩૦-૦૭-૦૧ ના ઠરાવ અનુસારની યાદી મુજબના તાલુકાઓમાં) ચેકડેમો માટે લોકફાળો ૪૦ ટકાને બદલે ૨૦ ટકા પ્રમાણે લેવાનો રહેશે.

(૫) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ અનુસાર ચેકડેમ મંજુર કરતી વખતે માનનીય સંસદ સભ્યશ્રી/માનનીય ધારાસભ્યશ્રીની ગ્રાંટમાંથી લોકફાળા તરીકે જો રકમ ફાળવવામાં આવે તો તેવા ચેકડેમના બાંધકામનો વર્કઓર્ડર કલેકટર/ જિલ્લા આયોજન મંડળ કે અન્ય સક્ષમ સત્તા ધરાવનારની જરૂરી મંજુરી મળ્યેથી આપવાનો રહેશે. કોઈ પણ સંજોગોમાં ચેકડેમની કામગીરી પૂર્ણ થયા બાદ લોકફાળાની રકમ માનનીય સંસદ સભ્યશ્રી/માનનીય ધારાસભ્યશ્રીની ગ્રાંટમાંથી આપી શકાશે નહીં.

(૬) બિનસરકારી સ્વૈચ્છિક સંસ્થાઓ આવા કાર્યક્રમ હેઠળ પ્રાયોજક તરીકે ભાગ લઈ શકશે, પરંતુ લોકજૂથની મંજૂરી મેળવી જે તે વિભાગીય કચેરી મારફત તેમણે ચેકડેમ બાંધવાની સરકારશ્રીની સૈધ્ધાંતિક મંજુરી મેળવવાની રહેશે.

(૭) જે તે વિસ્તારનું કાર્યક્ષેત્ર ધરાવતા મુખ્ય ઈજનેરશ્રી અને અધિક સચિવશ્રીઓએ તેમનાં કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારોમાં ચેકડેમના અમલીકરણ/ બાંધકામ વિગેરેની તમામ કાર્યવાહી કરવાની રહેશે. પરંતુ સમગ્ર યોજનાનું સંકલન સરકારશ્રી

કક્ષાએ મુખ્ય ઈજનેર(સૌરાષ્ટ્ર) અને અધિક સચિવશ્રીએ કરવાનું રહેશે. આ યોજનાનો અઠવાડીક પ્રગતિ અહેવાલ મુખ્ય ઈજનેર(સૌરાષ્ટ્ર) અને અધિક સચિવશ્રી દ્વારા આપવામાં આવે તે નિયત પ્રફોર્મામાં દરેક વિભાગીય કચેરીએ દર સોમવારે મુખ્ય ઈજનેર(સૌરાષ્ટ્ર) અને અધિક સચિવશ્રીને ફેક્ષ દ્વારા અચૂક મોકલી આપવાનો રહેશે. આ પ્રગતિ અહેવાલની નકલ સચિવશ્રી (જળ સંપત્તિ) અને માનનીય મંત્રીશ્રી (સિંચાઈ)ને મોકલી આપવાની રહેશે.

(૮) સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળના ત્રીજા તબકકામાં બંધાનારા દરેક ચેકડેમ પર નીચે દર્શાવ્યા મુજબ યોજનાનું નામ દર્શાવતી તકતી લગાવવાની રહેશે. જે ચેકડેમની અંદાજીત કિંમત રૂપિયા ૧.૦૦ લાખથી વધારે હોય તેવા ચેકડેમ પર તકતી લગાવવાની રહેશે તેમજ રૂપિયા ૧.૦૦ લાખથી ઓછી કિંમતના ચેકડેમ પર નીચે દર્શાવેલ વિગતો ચેકડેમની દિવાલ પર કોતરીને અથવા ઓઈલ પેઈન્ટથી લખવાની રહેશે.

<u>તકતીનો નમુનો</u>

**નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ**
**સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના**
**(ત્રીજો તબક્કો)**

**ચેકડેમ નું નામ:-**

**ચેકડેમ નંબર:-**

**બાંધકામ પૂર્ણ થયા તારીખ:-**

૪૫ સે.મી. X ૪૫ સે.મી.

(૯) આ યોજના હેઠળ ચેકડેમના કામગીરી લોકજુથો / લાભિત ખેડૂત જૂથો દ્વારા જ થાય તે જરૂરી છે. લોકજુથ તરીકે કોઈ પણ ઠેકેદાર (કોન્ટ્રાકટર) અરજી કરી લાભિત ખેડુતોને ધ્યાનમાં લીધા વગર ન આવે તેની કાળજી કાર્યપાલક ઈજનેર દ્વારા લેવાની રહેશે.

(૧૦) આ યોજના હેઠળ ચેકડેમના અંદાજોની સૈધ્ધાંતિક / વહીવટી / તાંત્રિક મંજુરી આપવાની સત્તામર્યાદા નીચે મુજબ રહેશે.

(ક) નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી - રૂપિયા ૧ લાખ સુધીની અંદાજીત કિંમતની મર્યાદામાં દરેક કામની મંજુરી આપી શકશે. (દરેક મ.ઈ./ અ.મ.ઈ. ને આ ઠરાવની વહીવટી જોગવાઈ (૧૨) માં દર્શાવેલ મર્યાદામાં સુપરવીઝન કરવાનું થાય તેની ખાત્રી કરવાની રહેશે.)

(ખ) કાર્યપાલક ઈજનેરશ્રી - રૂપિયા ૬ લાખ સુધીની અંદાજીત કિંમતની મર્યાદામાં દરેક કામની મંજુરી આપી શકશે. (દરેક મ.ઈ./ અ.મ.ઈ. ને આ ઠરાવની વહીવટી જોગવાઈ (૧૨) માં દર્શાવેલ મર્યાદામાં સુપરવીઝન કરવાનું થાય તેની ખાત્રી કરવાની રહેશે.)

(ગ) અધિક્ષક ઈજનેરશ્રી - રૂપિયા ૧૫ લાખ સુધીની અંદાજીત કિંમતની મર્યાદામાં દરેક કામની મંજુરી આપી શકશે.

(ઘ) રૂપિયા ૧૫ લાખથી વધુ અંદાજીત કિંમતવાળા ચેકડેમની મંજુરી સરકારશ્રી કક્ષાએથી મેળવવાની રહેશે.

(ચ) ઉપરોકત મંજુરી આપતા પહેલાં સ્થળ ચકાસણી કરી માર્ગદર્શિકા અને આ ઠરાવમાં સૂચવેલા તાંત્રિક રીતે જરૂરી બધા જ ધારા ધોરણો સંતોષાય છે, તે કામ મંજુર કરનાર અધિકારીએ જોવાનું રહેશે. ચેકડેમની માંગણી કરનાર પ્રાયોજકો લાભાર્થી ખેડુતોનુંજ લોકજુથ છે તે પણ ચકાસી લેવાનું રહેશે.

(૧૧) દરેક ચેકડેમની આસપાસના કરવાના થતા માટીકામની કિંમત બાકીની તમામ આઇટમોની કુલ કિંમતના મહત્તમ ૧૫ ટકાની મર્યાદામાં જ થાય તે મંજુરી આપતી વખતે ચકાસવાનું રહેશે.

(૧૨) દરેક મદદનીશ ઈજનેર /અધિક મદદનીશ ઈજનેરશ્રીએ એક સાથે ૧૫ (પંદર) ચેકડેમ અથવા કુલ રૂ. ૫૦ લાખની અંદાજીત કિંમતના ચેકડેમ, બેમાંથી જે વધુ હોય તે મર્યાદામાં ચેકડેમોના બાંધકામનું સુપરવીઝન કરવાનું રહેશે. ચેકડેમની મંજુરી આપતી વખતે પ્રાયોજકને આપવામાં આવતા વર્કઓર્ડરમાં તે ચેકડેમનું સુપરવિઝન કરનાર મદદનીશ ઈજનેર/અધિક મદદનીશ ઈજનેર/ટેકનીકલ આસીટન્ટનું નામ અગાઉથી દર્શાવવાનું રહેશે. કાર્યપાલક ઇજનેરશ્રી / નાયબ કાર્યપાલક ઇજનેરશ્રીએ ચેકડેમના બાંધકામના સુપરવીઝન માટે નજીક નજીક વિસ્તારના તથા એકજ રુટ પર આવતા હોય તેવા ચેકડેમ મદદનીશ ઇજનેર / અધિક મદદનીશ ઇજનેર અને સુપરવાઈઝરને ફાળવણી થાય તે મુજબ આયોજન કરવાનું રહેશે. આ વર્ક ઓર્ડરમાં જે મદદનીશ ઈજનેર/અધિક મદદનીશ ઈજનેર/ટેકનીકલ આસીસટન્ટનું નામ દર્શાવવામાં આવ્યું હશે, તેની ચેકડેમના બાંધકામની ગુણવત્તા તેમજ લાઈન-લેવલ/માપો માટેની જવાબદારી રહેશે. આ સુચના પ્રમાણે જ કામની ફાળવણી અને આયોજન થાય તે માટે

કાર્યપાલક ઈજનેરશ્રી/અધિક્ષક ઈજનેરશ્રી કક્ષાએ કાળજી રાખવાની રહેશે. ગુણવત્તા બાબતે પ્રાયોજક અને સંબંધિત ક્ષેત્રિય અધિકારીઓની સંયુક્ત જવાબદારી રહેશે.

(૧૩) ચેકડેમના બાંધકામ વખતે સંબંધિત મદદનીશ ઈજનેર/અધિક મદદનીશ ઈજનેર/ટેકનીકલ આસીસટન્ટ/નાયબ કાર્યપાલક ઈજનેર/કાર્યપાલક ઈજનેરની કેટલીક અગત્યની જવાબદારીઓ નીચે દર્શાવ્યા પ્રમાણે રહેશે:

(અ) ચેકડેમની એલાઈનમેન્ટ, કામની લાઈન, ઈનીશીયલ લેવલ નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી તથા મદદનીશ ઈજનેર/અધિક મદદનીશ ઈજનેરશ્રી/ટેકનીકલ આસીટન્ટે સંયુકતપણે લેવાના રહેશે.

(બ) પાયાની ચકાસણી, લેવલ તથા માપો મદદનીશ ઈજનેર/અધિક મદદનીશ ઈજનેરશ્રી/ ટેકનીકલ આસીસટન્ટે લેવાના રહેશે તથા તેની ૧૦૦ ટકા ચકાસણી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીએ કરવાની રહેશે.

(ક) રૂપિયા ૬ લાખથી વધુ કિંમતના ચેકડેમના પાયાના ૧૦ ટકા માપોનું ચેકીંગ કાર્યપાલક ઈજનેરશ્રીએ કરવાનું રહેશે.

(ડ) દરેક પૂર્ણ થયેલ બાંધકામના બધા જ આખરી માપો સ્થળ પર રૂબરૂ મુલાકાત લઈ નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીએ લેવાના રહેશે તથા તેનું ૧૦ ટકા ચેકીંગ કાર્યપાલક ઈજનેરશ્રીએ કરવાનું રહેશે.

(૧૪) વર્કઓર્ડર મળ્યા બાદ લાભાર્થી લોક જુથોએ / સંસ્થાઓએ ૪૫ દિવસમાં કામ શરૂ કરવાનું રહેશે અને નીચે જણાવેલ સમય મર્યાદામાં પુર્ણ કરવાનું રહેશે. જો યોગ્ય કારણ આપ્યા સિવાય આ સમયમર્યાદામાં કામ શરૂ કરવામાં ન આવ્યા

હોય તો કામની મંજુરી આપનાર સક્ષમ કક્ષાએથી રદ કરી શકાશે અને અરજી સાથે મળેલ ડીપોઝીટની રકમ સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે.

| | |
|---|---|
| (૧) ચેકડેમની કિંમત રૂ. ૧ લાખ સુધી | બે મહિના |
| (૨) ચેકડેમની કિંમત રૂ. ૩ લાખ સુધી | ત્રણ મહિના |
| (૩) ચેકડેમની કિંમત રૂ. ૬ લાખ સુધી | ચાર મહિના |
| (૪) ચેકડેમની કિંમત રૂ. ૬ લાખ થી વધુ | છ મહિના |

ખાસ કિસ્સા તરીકે અ.ઈ.શ્રી સમયમર્યાદા વધારી શકશે.

(૧૫) કામનું માપ લીધા બાદ ચૂકવણીની કાર્યવાહી નીચે મુજબની કરવાની રહેશે.

(અ) અંદાજીત રકમના ૪૦ % રકમનું કામ પુર્ણ થયે પ્રથમ રર્નીંગ બીલ બનાવી ચુકવણી કરવાની રહેશે.

(બ) અંદાજીત રકમના ૭૫ % રકમનું કામ પુર્ણ થયે બીજુ રર્નીંગ બીલ બનાવી ચુકવણી કરવાની રહેશે.

(ક) સમગ્ર કામગીરી પુર્ણ થયે બાકીના નાણાં ચુકવવાનાં રહેશે. ત્રણેય બીલની રકમના ૧૦ % રકમ અનામત લેખે સરકારશ્રીમાં જમા રાખવાની રહેશે જે ચોમાસામાં ચેકડેમમાં પાણી ભરાયા બાદ અને કામ સંતોષકારક માલુમ પડયે ચુકવવાના રહેશે.

(૧૬) અગાઉ જુદી જુદી યોજના હેઠળ બનેલ ચેકડેમના મરામતના કામો જે વિભાગ હસ્તક ચેકડેમ હશે તેના માધ્યમથી ૬૦ : ૪૦ ના પ્રમાણમાં સહભાગી ધોરણે લોકજુથો / બિન સરકારી સંસ્થાઓ દ્વારા કરી શકાશે. પરંતુ આવા કામો

વિભાગના ગુણવત્તા નિયંત્રણના અધિકારીઓ દ્વારા જરુરી ચકાસણી તથા ભલામણ થયા બાદ સંબંધિત કાર્યપાલક ઈજનેરશ્રી / અધિક્ષક ઈજનેરશ્રીની ભલામણ મેળવી સરકારશ્રીમાં દરખાસ્ત કરવાની રહેશે અને સરકારશ્રીમાંથી મંજુરી મેળવ્યા પછી જ કામ હાથ ધરી શકાશે. સરકારશ્રીની મંજુરી મેળવ્યા વગર જો ચેકડેમની મરામત - નિભાવણીના કામ કરવામાં આવશે તો તે કામ માટે કોઈ પણ ચૂકવણું કરવા માટે કોઈ પણ ગ્રાંટ ફાળવવામાં આવશે નહીં. આ બાબતે બજેટ આયોજન બહારના સદરમાંથી ઉપલબ્ધ કરવાનું રહેશે. ખાસ કિસ્સા તરીકે બંધ સુરક્ષા અન્વયે આયોજન સદરમાંથી બજેટ ફાળવવામાં આવશે.

(૧૭) અગાઉના તબક્કાઓમાં પોતાના વર્તુળના કાર્યક્ષેત્રમાં ખરાબ ગુણવત્તા વાળા કરેલ ચેકડેમોના લોકજૂથોને હવે આ તબક્કામાં અરજી કરે તો પણ મંજૂરી ન આપવા અ.ઈ.શ્રી દ્વારા ધ્યાન રાખવાનું રહેશે.

**(ક) આલેખન :**

(૧) ચેકડેમની ઉંચાઈ (નાળા બેડ લેવલથી ક્રેસ્ટ લેવલ) ૨.૦ મીટર સુધીની મર્યાદામાં જ મંજુર કરવાની રહેશે. તેથી વધુ ઉંચાઈના ચેકડેમના કામો આ યોજના હેઠળ બનાવવાની દરખાસ્ત સંબંધિત અધિક્ષક ઈજનેરશ્રીની ભલામણ મળ્યેથી સરકારશ્રી કક્ષાએથી સૈધ્ધાંતિક મંજુરી મેળવ્યા બાદ કરવાના રહેશે. આવા કિસ્સામાં અલગથી સ્થળ પ્રમાણે આલેખન કરવાનું રહેશે.

(૨) હયાત ચેકડેમ કે જેની ઉંચાઈ ૨ મીટર કરતાં ઓછી છે, તેવા ચેકડેમની ઉંચાઈ વધુમાં વધુ ૨ (બે) મીટરની મર્યાદામાં વધારવાથી સંગ્રહશકિતમાં નોંધપાત્ર

વધારો થતો હોય તેવા કિસ્સાઓમાં કાર્યપાલક ઈજનેરશ્રી / અધિક્ષક ઈજનેરશ્રીની સ્થળ મુલાકાત અને જરૂરી તાંત્રિક ચકાસણી બાદ તેઓની ભલામણ મળ્યેથી મુખ્ય ઈજનેર અને અધિક સચિવશ્રી કક્ષાએથી આવા કામોને મંજુરી આપવાની રહેશે.

(૩) ચેકડેમની લંબાઈ ઓછામાં ઓછી વોંકળાની કુદરતી પહોળાઈ જેટલી રાખવી, જેથી કુદરતી વહેણનાં ભાગમાં માટીકામ કરવાની જરૂરીયાત રહે નહીં.

(૪) ૫ ચોરસ કિલોમીટર સ્રાવક્ષેત્રવાળા ચેકડેમ માટે આલેખિત પૂર ૧:૧૦ વર્ષના રીટર્ન પીરીયડ મુજબ ગણવાનું રહેશે. જો સ્રાવક્ષેત્ર ૫ ચોરસ કિલોમીટર કરતાં વધારે હોય તો તેવા ચેકડેમ માટે આલેખિત પૂર પ્રવર્તમાન ધોરણો અનુસાર ૧:૨૫ વર્ષના રીટર્ન પીરીયડ મુજબ ગણવાનું રહેશે. સ્ટીલીંગ બેઝીન માટે ૧:૧૦ વર્ષનો રીટર્ન પીરીયડ ગણી લંબાઈ નક્કી કરવાની રહેશે.

(૫) સરદાર પટેલ સહભાગી યોજના હેઠળ સેઈફ સ્ટેજના કામોમાં તળાવની સંગ્રહશકિતમાં નોંધપાત્ર વધારો થતો હોય તો જ ફકત છલતીનું બાંધકામ હાથ ધરી શકાશે.જો આવા કિસ્સામાં માટીકામ કરવાનું થતું હોય તો માટીકામની કિંમત બાકીની તમામ આઇટમોની કિંમતના ૧૫ % રકમની મહત્તમ મર્યાદામાં જ રહે તે મુજબ મંજુરી આપવાની રહેશે. સેઈફ સ્ટેજના દરેક કામની લેખીત દરખાસ્ત કરી મંજૂરી મુ.ઈ.શ્રી કક્ષાએથી આપવાની રહેશે. ત્યારબાદ જ આ કામો હાથ ઉપર લઈ શકાશે. (ક)

(૬) જુદા જુદા કેચમેન્ટ વિસ્તાર અને વોંકળાની પહોળાઈના પ્રમાણમાં ચેકડેમની ટાઈપ ડીઝાઈન નક્કી કરવાની રહેશે. જો આ ટાઈપ ડીઝાઈનથી અલગ પ્રકારની જરૂરીયાત જણાય તો તેવા ચેકડેમ માટે સ્થળ સ્થિતિ અને પાયાની જરૂરીયાત પ્રમાણે અલગથી આલેખન કરવાનું રહેશે. આ પ્રકારના કામો માટે રૂપિયા ૧૫ લાખ સુધીની કિંમતના ચેકડેમના આલેખનની મંજુરી સંબંધિત અધિક્ષક ઈજનેરશ્રી કક્ષાએથી આપવાની રહેશે.

(૭) લાભાર્થી / ખેડુતોને સમજાય તેવી સરળ ભાષામાં મુખ્ય આઇટમોના સ્પેશીફીકેશનો ગુજરાતીમાં તૈયાર કરવાં.

(૮) ઉચ્ચકક્ષાએ અધિકારીઓએ આકસ્મિક ચેકીંગ કરવાનું રહેશે જ્યારે ગુણવત્તાના અધિકારીઓએ દરેક ચેકડેમની ઓછામાં ઓછી એક વખત સ્થળમુલાકાત લઈ તેમના લેખીત અહેવાલ આપવાના અચૂક રહેશે. મુ.ઈ.શ્રી (ગુ.નિ.) દ્વારા આ બાબતે વખતોવખત સમીક્ષા કરવાની રહેશે.

(૯) ચેકડેમની કામગીરીમાં નબળી ગુણવત્તા, ભ્રષ્ટાચાર, ગેરરીતી વગેરે બાબતોની ફરીયાદ બાબતમાં વિગતે તપાસ કરીને તે અંગેનો અહેવાલ સંબંધિત અધિક્ષક ઇજનેરશ્રીએ સરકારશ્રીને કરવાનો રહેશે.

**(ડ) બાંધકામ, મરામત અને ગુણવત્તા :**

(૧) ચેકડેમના કામો ચણતરમાં કરવાના રહેશે. ચણતર કામમાં સીમેન્ટ મોર્ટારનું પ્રમાણ ૧:૫ રાખવાનું રહેશે.

(૨) ચેકડેમના બોડીવોલના ચણતરકામ પર ૨૦ સે.મી. જાડાઈનું ૧:૨:૪ ના પ્રમાણનું કોંક્રીટ કવર રાખવાનું રહેશે તથા કોંક્રીટ વચ્ચે યોગ્ય જોડાણ (BOND) મળી રહે તે માટે આલેખન અને બાંધકામમાં પુરતી કાળજી રાખવાની રહેશે.

(૩) ચેકડેમની રીટેઈનીંગ વોલ, કી વોલ વગેરે ચણતર કામમાં કરવી અને તેના મથાળા ઉપર ૨૦ સે.મી. જાડાઈનું ૧:૨:૪ ના પ્રમાણનું કોંક્રીટનું કોપીંગ કરવાનું રહેશે. જમીનથી બહાર ખુલ્લી રહેતી તમામ સપાટીઓ પર ૧:૩ સિમેન્ટ મોર્ટારનું પ્લાસ્ટર કરવાનું રહેશે.

(૪) સીમેન્ટ આઈ.એસ.આઈ. માર્કાના, ગુણવત્તાવાળી અને પ્રમાણિત ધારાધોરણ ધરાવતી વાપરવાની રહેશે. (મીની સીમેન્ટ પ્લાન્ટમાં ઉત્પાદિત થયેલ સીમેન્ટનો ઉપયોગ કરી શકાશે નહી) અન્ય તમામ માલસામાન સંબંધિત આઈ.એસ. મુજબ પ્રમાણિત ધારાધોરણો મુજબનો વાપરવાનો રહેશે.

(૫) ચેકડેમની મુખ્ય આઈટમો જેવી કે કોંક્રીટ, ચણતર, ખોદકામ, પ્લાસ્ટર માટીકામ માટેના ભાવો નીચેના ટેબલમાં દર્શાવ્યા મુજબ કરવાના રહેશે.

| ક્રમ | આઈટમ | યુનિટ | ભાવ પ્રતિ યુનિટ (રૂપિયામાં) |
|---|---|---|---|
| ૧ | ખોદકામ<br>(અ) સોઇલ/હાર્ડમુરમ<br>(બ) સોફ્ટ રોક<br>(ક) હાર્ડ રોક | <br>ઘન મીટર<br>ઘન મીટર<br>ઘન મીટર | <br>૨૯<br>૭૦<br>૧૨૫ |
| ૨ | માટીકામ(ઓલ લીડ અને લીફ્ટ) | ઘન મીટર | ૨૯ |
| ૩ | યુ.સી.આર. મેસનરી ચણતર(૧:૫ ) | ઘન મીટર | ૮૭૦ |

| ક્રમ | આઈટમ | યુનિટ | ભાવ પ્રતિ યુનિટ (રૂપિયામાં) |
|---|---|---|---|
| ૪ | કોંક્રીટ (૧:૩:૬) | ઘન મીટર | ૧૩૬૦ |
| ૫ | કોંક્રીટ (૧:૨:૪) | ઘન મીટર | ૧૮૨૦ |
| ૬ | સપ્લાઈંગ એન્ડ ફિક્સિંગ સ્ટીલ રેઈનફોર્સમેન્ટ | ક્વીંટલ | ૨૦૭૦ |
| ૭ | પ્લાસ્ટર (૧:૩, ૨૦ મી.મી.) | ચોરસ મીટર | ૭૦ |
| ૮ | ડ્રાય રબલ પીચીંગ (૨૫ સે.મી.) | ચોરસ મીટર | ૭૫ |

(૬) જો કોઈ પ્રયોજક કોંક્રીટના ચેકડેમ બાંધવા માગતા હશે તો આ અંગેની ખાસ મંજુરી સરકારશ્રી કક્ષાએથી મેળવવાની રહેશે.

આ સિવાયની અન્ય આઈટમોના ભાવ જે તે વિભાગના જે તે વર્ષના મંજુર થયેલા શિડયુલ ઓફ રેઈટસ પ્રમાણે ગણવાના રહેશે.

(૭) ગુણવતા નિયમન માટે વર્તુળ કચેરીની સીધી દેખરેખ હેઠળ દરેક જિલ્લા દીઠ એક પેટા વિભાગીય કચેરીને જવાબદારી સોંપવી. જો કોઈ જિલ્લામાં ચેકડેમની કામગીરીનું કાર્યભારણ સામાન્ય કરતાં ઓછું જણાય તો અધિક્ષક ઈજનેરશ્રી કક્ષાએ સમીક્ષા કરી એક પેટા વિભાગીય કચેરીને એક કરતાં વધુ જિલ્લાની કામગીરી સોંપી શકાશે.

(૮) (અ) રૂ. ૩ લાખથી ઓછી કિંમતના ચેકડેમમાં વપરાતાં રેતી તથા કપચી/ ક્રશ્ડ સ્ટોનનું નરી આંખે નિરીક્ષણ સેક્શન ઓફિસર દ્વારા કરવામાં આવે તથા રૂ. ૩ થી ૫ લાખ સુધીની કિંમતમાં વપરાતા માલસામાનનું નરી આંખે નિરીક્ષણ

ના.કા.ઈ.શ્રી દ્વારા કરવામાં આવે. રૂ. ૫ લાખથી ઓછી કિંમતના ચેકડેમ માટે ક્યુબ ટેસ્ટ કરવાના રહેશે નહિ.

(બ) રૂ. ૫ લાખથી વધુ કિંમતના ચેકડેમ માટે ક્યુબ ટેસ્ટ પ્રમાણિત ધારાધોરણો અનુસાર પ્રમાણિત પ્રયોગશાળામાં કરાવવાના રહેશે. ક્યુબ ટેસ્ટનો ખર્ચ સરકારશ્રીએ ભોગવવાનો રહેશે.

(ક) સ્થાનિક વોકળાની રેતી વાપરવા ટેસ્ટ કરાવી લેખીતમાં ગુણવત્તા નિયમનના કા.ઈ.શ્રીની પરવાનગી મેળવવાની રહેશે. તે સિવાય કોઈ પણ સંજોગોમાં આવી રેતી વાપરી શકાશે નહિ.

**(ઈ) અન્ય :**

(૧) સદરહુ યોજના હેઠળનો તમામ ખર્ચ સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળનો ખર્ચ નીચેના સદરે ઉધારવાનો રહેશે.

માંગણી નં. ૬૬

મુખ્ય સદર:- ૪૭૦૨ નાની સિંચાઈ અંગે મૂડી જોગવાઈ

૧૦૧ સપાટી જળ

૦૨ નાની સિંચાઈ

૧૫૮ સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજના

આયોજન

(૨) આ યોજનાના ત્રીજા તબક્કામાં દરેક વિભાગીય કચેરી દ્વારા વધુમાં વધુ ૧,૦૦૦ અરજીઓને મંજુરી આપી શકશે. ૧,૦૦૦ કરતાં વધુ અરજીઓ

અરજીઓ મંજુર કરવાની થાય તો તે માટે સરકારશ્રીની પૂર્વ મંજુરી મેળવ્યા પછી જ વધારાની અરજીઓ અંગે કાર્યવાહી કરી શકાશે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

( વી.પી.કાપડીયા )
ઉપ સચિવ,
નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ.

પ્રતિ,

- માનનીય રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય અધ્યક્ષશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રી (સિંચાઈ) ના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રીઓ, રાજયકક્ષાના મંત્રીશ્રીઓ અને નાયબ મંત્રીશ્રીઓ (સર્વે)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા ગાંધીનગર.
- ગુજરાત રાજયના સર્વે બોર્ડ-નિગમના અધ્યક્ષશ્રીઓ.
- ગુજરાત રાજયના સર્વે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીઓ.
- ગુજરાત રાજયના સર્વે તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ.
- સર્વે સંસદ સભ્યશ્રીઓ.
- સર્વે ધારાસભ્યશ્રીઓ, ગુજરાત રાજય.
- મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલય, ગાંધીનગરના સર્વે વિભાગો.
- સચિવશ્રી, નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- સર્વે અધિક સચિવશ્રી અને મુખ્ય ઈજનેરશ્રીઓ, નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વહીવટી સંચાલકશ્રી, ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લિ., ગાંધીનગર.
- નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના સર્વે અધિક્ષક ઈજનેરશ્રીઓ.
- નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના સર્વે કાર્યપાલક ઈજનેરશ્રીઓ.
- નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના સર્વે નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીઓ.
- રાજયના સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- રાજયના સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, રાજકોટ/અમદાવાદ.

જાનં. સી.૩/અ.પ.વ.સં.શા/વજાવો/ ૪૯૪૦

16 OCT 2002

નકલ રવાના પૂર્વક,

(૧) કા.ઈ.શ્રી, અમદાવાદ સિંચાઈ વિભાગ-અમદાવાદ

(૨) કા.ઈ.શ્રી, હિંમતનગર બાંધકામ વિભાગ-હિંમતનગર

તરફ જાણ સારૂ.

અંગત સચિવ અને નાયબ કાર્યપાલક ઈજનેર
અમદાવાદ સિંચાઈ યોજના વર્તુળ
અમદાવાદ. કોડ નં. [illegible]